नमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।

# श्रुतसंविभाग – १

MAY 2016 વૈશાખ ૨૦૭૨

## બાંટકે ખાના વૈકુંઠ મેં જાના

નમો નમઃ શ્રીગુરુનેમિસૂરયે ।।

પાલીતાણા – પારણાં-ભવનમાં મળેલા મુનિસમ્મેલનના દિવસોમાં, ભિન્ન ભિન્ન સમુદાયોના જિજ્ઞાસુ તેમજ અભ્યાસી એવા થોડાક નાના સાધુઓ પણ, અવકાશ મળતો ત્યારે, જ્ઞાનવૃદ્ધિ વિશે ચર્ચા-વિમર્શ કરતા હતા અને પારસ્પરિક મૈત્રીભાવ વધારવાની અભિલાષા વ્યક્ત કરતા રહેલા.

તે મુનિઓના ધ્યાનમાં આવ્યું કે એક સમુદાયમાં શાસ્ત્રાભ્યાસ કે વાંચનાદિ કરતાં કોઇક સુંદર અને જિજ્ઞાસાપોષક નવી વાત કે પદાર્થ જડી આવે, તો તે પોતાના વર્તુળના સાધુગણમાં વહેંચવામાં આવે છે; તે પર જિજ્ઞાસાપ્રેરક વિમર્શનું આદાન-પ્રદાન થાય છે; અને અવસરે તે પુસ્તકરૂપે પણ પ્રકાશિત થાય છે.

આ ઉપરથી તે દશ-બાર વિભિન્ન સમુદાયોના મુનિઓએ વિચાર્યું કે આપણા આ બધા સમુદાયોમાં પણ ભણેલા/ભણતા સાધુઓ છે; અને આપણે ત્યાં પણ ગ્રંથાભ્યાસ-વાંચન આદિ પ્રવર્તે જ છે. તો આપણા થોડાક સમુદાયો પૂરતું આવું આદાન-પ્રદાન આપણે પણ ચાલુ કરીએ. આનાથી આપણને ઘણું ઘણું નવું જાણવા મળશે, અને આપણું અધ્યયન વધશે, તેમ જ પારસ્પરિક સંપર્ક તથા મૈત્રીભાવ પણ વૃદ્ધિ પામશે.

આ ભાવના મારી પાસે રજૂ થઇ. મારી સંમતિ માગવામાં આવી. મેં તુરત જ આ ભાવનાને સંમતિ તેમ જ પ્રોત્સાહન આપ્યાં. મારા પ્રભુશાસનના નાના બધા મુનિવરો એ આપણી આવતીકાલ છે; આપણી આશા છે; આવતી-કાલનું આ શાસન તેમણે જ નિર્વહવાનું છે. એમને જોઇને જ એટલો પ્રમોદ અનુભવાતો હતો કે કેવા આશાસ્પદ, હોનહાર અને આરાધક આ બાળસાધુઓ છે! એમાં તેઓ તરફથી જ આવી સ્વાધ્યાય-પોષક વાત આવે ત્યારે તો કેટલો બધો હરખ થાય!

શ્રુતનો સ્વાધ્યાય અને તેનો સંવિભાગ એ તો શાસનની એક ઉમદા ઉપાસના જ ગણાય. આવી ઉપાસનામાં એકલપેટા ન થવાય; આ તો સૌએ સાથે મળીને કરવાની, સૌને વહેંચવા જેવી ઉપાસના ગણાય.

એટલે પ્રથમ તબક્કે આ સંવિભાગી સત્પ્રવૃત્તિમાં જે જે સમુદાયના મુનિ-મિત્રો ભાગ લેવા ઉત્સુક-ઉદ્યુત છે તેમનું તેમ જ તેમને આમાં જોડાવા માટે અનુમતિ આપનાર તે સર્વના ગુરુભગવંત આદિ વડીલોનું, આ ક્ષણે, હૃદય-પૂર્વક અભિવાદન કરું છું.

'स्वाध्यायान्मा प्रमदः' એટલું કહીને વિરમીશ.

વૈશાખ શુદિ ૭, સં. ૨૦૭૨

- શીલચંદ્રવિજય
શત્રુંજય ડેમ તીર્થ

*

## કામળીકાળની શાસ્ત્રવિહિતતા અંગે વિચારણા

એક વિદ્વાન મુનિભગવંતે થોડા વખત પૂર્વે એક પ્રશ્ન પૂછ્યો હતો કે આપણે ત્યાં રોજે ૨-૪-૬ ઘડીની કાળવેળાએ કામળી ઓઢવાની જે પ્રવૃત્તિ છે તેને શાસ્ત્રોનું કોઇ સમર્થન ખરું? કેમ કે છેદગ્રંથોમાં કે પ્રવચનસારોદ્ધાર જેવા પ્રકરણગ્રંથોમાં વૃષ્ટિ દરમ્યાન અપ્કાયની વિરાધનાથી બચવા માટે કે શીતનિવારણ, ગ્લાનસંરક્ષણ કે ધર્મધ્યાનાદિમાં અવિઘાત જેવા પ્રયોજને જ ઔર્ણિકકલ્પનું વિધાન મળે છે. રોજિંદી કાળવેળા કે તે સમયે કામળીનું પરિધાન ક્યાંય વાંચવામાં આવ્યું નથી. પણ કામળીની પ્રવૃત્તિ આપણે ત્યાં છે તો તેનું કારણ અવશ્ય હોવું જ જોઇએ. તે શું હોઇ શકે?

આ અંગે તપાસ કરતાં અમને પરમપવિત્ર શ્રીભગવતીસૂત્રમાં કામળી ઓઢવાની પ્રવૃત્તિનું આડકતરી રીતે સમર્થન કરે તેવો એક પાઠ વાંચવા મળ્યો –

अत्थि णं भंते! सदा समितं सुहुमे सिणेहकाये पवडति? हंता, अत्थि ।

से भंते! किं उड्ढे पवडति, अहे पवडति, तिरिए पवडति? गोतमा! उड्ढे वि पवडति, अहे वि पवडति, तिरिए वि पवडति

जहा से बादरे आउकाए अन्नमन्नसमाउत्ते चिरं पि दीहकालं चिट्ठति तहा णं से वि? नो इणट्ठे समट्ठे, से णं खिप्पामेव विद्धंसमागच्छति । (શતક-1, ઉદ્દેશ-6, સૂત્ર-78)

આની શ્રીઅભયદેવસૂરિજી કૃત ટીકા આમ છે –

सदा- सर्वदा समितं ति सपरिमाणं न बादराप्कायवदपरिमितमपि, अथवा सदा इति सर्वर्तुषु, समितमिति रात्रौ दिवसस्य च पूर्वापरयोः प्रहरयोः, तत्रापि कालस्य स्निग्धेतरभावमपेक्ष्य बहुत्वमल्पत्वं चावसेयमिति । यदाह –

पढमचरिमासु सिसिरे गिम्हे अद्धं तु तासिं वज्जेत्ता ।

पायं ठवे सिणेहरक्खणट्ठा पवेसे वा ।। (बृहत्कल्पलघुभाष्य -521)

लेपितपात्रं बहिर्न स्थापयेत् स्नेहादिरक्षणार्थायेति | सूक्ष्मः स्नेहकाय इति अप्कायविशेष इत्यर्थः । उड्ढेत्ति ऊर्ध्वलोके वर्तुलवैताढ्यादिषु, अहेत्ति अधोलोकग्रामेषु, तिरियं ति तिर्यग्लोके । दीहकालं चिट्ठइ त्ति तडागादिपूरणात् । विद्धंसमागच्छइ त्ति स्वल्पत्वात् तस्येति ।

આના પરથી જણાય છે કે સકલ ઋતુઓમાં ઊર્ધ્વ, અધો અને તિર્છી એમ ત્રણે બાજુ આખી રાત અને દિવસના પ્રથમ-ચરમ પૌરુષી સમયમાં સૂક્ષ્મ અપ્કાય વરસતો જ રહે છે. જેના પ્રમાણમાં કાલની સ્નિગ્ધતા કે રૂક્ષતાને અનુલક્ષીને ફેર પણ પડી શકે છે. આ અપ્કાય બાદર અપ્કાયની જેમ ચિરકાલ સુધી નથી ટકતો, પણ શીઘ્ર વિનાશ પામે છે.

આ સૂક્ષ્મ સ્નેહકાયની સિદ્ધિ માટે ટીકાકારશ્રીએ बृहत्कल्पलघुभाष्यની એક ગાથાનું પ્રમાણ પણ આપ્યું છે. આ ગાથામાં સૂક્ષ્મ સ્નેહકાયથી લેપનાશ ન થાય તે માટે પાત્રાં શીતઋતુમાં પ્રથમ-ચરમ પૌરુષી સમયમાં અને ગ્રીષ્મમાં તેનાથી અડધો સમય ખુલ્લામાં ન રાખવાં એવું વિધાન કર્યું છે.

આના પરથી નીચેની બાબતો સમજાય છે –

1. દિવસના ભાગે શીતઋતુમાં પ્રથમ-ચરમ પૌરુષી સમયમાં અને ગ્રીષ્મમાં તેનાથી અડધો સમય (અને સ્નિગ્ધતાને અનુલક્ષીને વિચારીએ તો વર્ષાઋતુમાં પણ ઘણો સમય) તેમજ સકલ ઋતુઓમાં સમ્પૂર્ણ રાત્રિ સૂક્ષ્મ સ્નેહકાય વરસતો હોય છે.
2. આ સૂક્ષ્મ સ્નેહકાય એટલે સૂક્ષ્મનામકર્મના ઉદયથી સૂક્ષ્મ અપ્કાય તરીકે ઓળખાતા જીવો નથી સમજવાના, કેમ કે એ જીવો તો કોઈને ઉપઘાત કરતા નથી. જ્યારે આ સૂક્ષ્મ સ્નેહકાયથી તો લેપનો નાશ સંભવિત છે. સમાન ન્યાયે આ ઉપરથી એ પણ સમજાય છે કે આ સૂક્ષ્મ સ્નેહકાયની પણ શસ્ત્રથી વિરાધના સંભવિત છે.
3. આ સૂક્ષ્મ સ્નેહકાય વરસતો હોય તે કાળમાં જો આપણને ખુલ્લામાં ગમનાગમન કરવાનું બને તો આપણા શરીરના સ્પર્શથી આ સૂક્ષ્મ સ્નેહકાયની વિરાધના ન થાય તે હેતુથી, કાળવેળા, તે દરમ્યાન કામળી ઓઢવી વ. વિધાનો હોઈ શકે. અલબત્ત આ સ્નેહકાય સ્વયં શીઘ્રપણે નાશ પામે જ છે. તો પણ આપણે એમાં અધિકરણ ન બનીએ તે હેતુ અત્રે વિચારી શકાય.
4. કાળની સ્નિગ્ધેતરતાને અનુલક્ષીને વડીલોએ ૨-૪-૬ ઘડીનું પ્રમાણ નક્કી કર્યું હોવું જોઈએ.

- મુનિ ત્રૈલોક્યમંડનવિજય

*

# उपमितिभवप्रपञ्चा કથાના નામ અંગે વિચારણા

શ્રીસિદ્ધર્ષિ ગણિ વિરચિત उपमितिभवप्रपञ्चा કથા સુવિખ્યાત છે. આ કથાના નામના સમાસવિગ્રહ અંગે મિત્ર મુનિવરો સાથે ચર્ચા દરમ્યાન મુનિ શ્રીસંસ્કારયશવિજયજીએ જણાવ્યું કે કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્ય પ્રણીત શ્રીસિદ્ધહેમશબ્દાનુશાસનના સૂત્ર 3-1-23 उष्ट्रमुखादयःથી આ નામનો સમાસવિગ્રહ શક્ય છે. उष्ट्रमुखादि આકૃતિગણ છે.

તેથી તેમાં उपमितिः भवप्रपञ्चस्य यस्यां (वर्ण्यते) सा उपमितिभवप्रपञ्चा कथा એમ વ્યધિકરણ બહુવ્રીહિ કરીને આ સમાસનો સમાવેશ કરી શકાય.

અલબત્ત કથાનું જો આ જ નામ હોય તો આવા પ્રકારનો જ વિગ્રહ કરવો પડે. પણ હમણાં આ અંગે તપાસ કરતાં ખંભાતના શ્રીશાંતિનાથ જૈન તાડપત્રીય જ્ઞાનભંડાર-ગત 185 ક્રમાંકની અનુમાનતઃ 13મા સૈકાની આ કથાની તાડપ્રતમાં નીચે મુજબ પુષ્પિકા વાંચવા મળી –

समाप्ता चेयमुपमितभवप्रपञ्चकथेति ।

આઠમા પ્રસ્તાવના અંતે પણ નીચે મુજબ લખાણ છે –

इत्युपमितभवप्रपञ्चकथायां पूर्वसूचितमीलकवर्णनोऽष्टमः प्रस्तावः समाप्तः ।।

ભાંડારકર ઇન્સ્ટિટ્યુટ – પૂના સ્થિત આ કથાની પ્રાચીન તાડપત્રની ફોટોકોપી પૂજ્ય ગણિવર્ય શ્રીવૈરાગ્યરતિવિજયજી મ.ના સહકારથી પ્રાપ્ત થઇ છે. આ પ્રતમાં પણ પહેલા પ્રસ્તાવના અંતભાગમાં સ્વયં શ્રીસિદ્ધર્ષિગણિએ જણાવ્યું છે કે –

तदिदमवधार्यानेन जीवेनेयमुपमितभवप्रपञ्चा नाम कथा यथार्थाभिधाना ।

વળી કથાનું આ નામ સ્વીકારીએ તો उपमितो भवप्रपञ्चो यस्यां सा उपमितभवप्रपञ्चा कथा એમ સાક્ષાત્ સમાનાધિકરણ બહુવ્રીહિ સમાસ સમજી શકાય છે તે પણ ધ્યાનપાત્ર મુદ્દો છે. સ્વયં શ્રીસિદ્ધર્ષિગણિએ कथाशरीरमेतस्या नाम्नेव प्रतिपादितम् । भवप्रपञ्चो व्याजेन यतोऽस्यामुपमीयते ।। એમ કહીને આવા પ્રકારના સમાસવિગ્રહનું જ સૂચન કર્યું છે.

આ બધા પરથી જણાય છે કે આ કથાનું સાચું નામ તો "ઉપમિતભવપ્રપંચા" કથા હોવું જોઇએ. પણ પાછળથી કોઇક કારણસર "ઉપમિતિભવપ્રપંચા" નામ રૂઢ થઇ ગયું હશે.

- મુનિ ત્રૈલોક્યમંડનવિજય

*

# કાયોત્સર્ગમાં શ્વાસોચ્છ્વાસના પ્રમાણ અંગે વિચારણા

આપણે ત્યાં કાયોત્સર્ગમાં મૂળભૂત રીતે શ્વાસોચ્છ્વાસ ગણવાનું વિધાન હતું એમ ઘણા લોકો કહેતા હોય છે. અને આ શ્વાસોચ્છ્વાસ એટલે નાકથી લેવાતા શ્વાસોચ્છ્વાસ એમ તેઓ સમજાવે છે. પણ કાયશાસ્ત્ર પ્રમાણે તંદુરસ્ત વ્યક્તિ એક મિનિટમાં સામાન્ય રીતે 17 શ્વાસોચ્છ્વાસ લેતી હોય છે. આ રીતે ગણીએ તો 25 શ્વાસોચ્છ્વાસ સુધીનો કાયોત્સર્ગ કરતાં 1 મિનિટ અને 29 સેકંડનો સમય થાય. અને સંવત્સરી પ્રતિક્રમણમાં મુખ્ય કાયોત્સર્ગ કરતાં લગભગ 60 મિનિટનો સમય લાગવો જોઇએ. જે પ્રેક્ટિકલ રીતે શક્ય નથી.

આનો ઉપાય આમ વાંચવા મળેલો –

કાયોત્સર્ગનું પ્રમાણ દર્શાવનારા જે શ્વાસોચ્છ્વાસ છે તે બાહ્ય(નાકથી લેવાતા) નહિ, પણ અભ્યંતર ગણવાના છે. શાસ્ત્રમાં પણ શ્વાસોચ્છ્વાસની ગણતરી આ જ રીતે થાય છે. નિગોદનો જીવ 1 શ્વાસોચ્છ્વાસમાં 17.5 ભવ પૂરા કરે છે. અને એક મિનિટમાં 65,536 ભવ પૂરા કરે છે. 1 મૂહૂર્ત = 48 મિનિટ. એટલે 48 મિનિટમાં 3,773 શ્વાસોચ્છ્વાસ ગણી શકાય. એટલે એક મિનિટમાં 78.6 શ્વાસોચ્છ્વાસ થયા. આ સૂક્ષ્મ શ્વાસોચ્છ્વાસને હૃદયના ધબકારા રૂપે લઇ શકાય. કેમ કે તંદુરસ્ત વ્યક્તિનું હૃદય સામાન્ય રીતે 1 મિનિટમાં 75 થી 80 વાર ધબકતું હોય છે. આ હિસાબે 25 શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કાયોત્સર્ગમાં સંભવિત 20 સેકંડ અને સંવત્સરી પ્રતિક્રમણમાં મુખ્ય કાયોત્સર્ગમાં લગભગ 17 મિનિટનો સમય લાગે. જે પ્રેક્ટિકલ રીતે શક્ય જણાય છે. पायसमा उसासा એવું જે શ્વાસોચ્છ્વાસનું પ્રમાણ દર્શાવનારું શાસ્ત્રવચન છે તે પણ આ વાતની જ પુષ્ટિ કરનાર જણાય છે.

- મુનિ અક્ષયરત્નવિજય

*

## વાસુપૂજ્યસ્વામીના લગ્ન ન કરવા અંગે એક ઉલ્લેખ

કવિ શ્રીવીરવિજયજી વિરચિત "શાંતિ સુહંકર સાહિબો" એ સ્તુતિમાં આવતી "મલ્લિ નેમ પરણ્યા નહિ બીજા ઘરબારી" એ પંક્તિ જેવા આધારોને લીધે શ્રીમલ્લિનાથ અને શ્રીનેમિનાથ સિવાયના તીર્થંકરોએ ભોગાવલી કર્મો ભોગવવા લગ્ન કર્યું હોવાનું આપણે સમજીએ છીએ. પણ કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્ય રચિત શ્રીત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્રમાં પર્વ-4, સર્ગ-2 અંતર્ગત વાસુપૂજ્યસ્વામીના ચરિત્રમાં તેઓ પણ પરણ્યા નથી તેવી વાત આવે છે. તેમાં તેમના લગ્ન કરાવવા માટે ઉત્સુક તેમના માતાપિતા વસુપૂજ્ય રાજા અને જયાદેવી તેઓને લગ્ન કરવા માટે સમજાવે છે. ત્યારે વાસુપૂજ્યસ્વામી સ્પષ્ટપણે એની મનાઇ કરે છે. અને કહે છે કે –

न मे भोगफलं कर्म किञ्चिदप्यवशिष्यते । मोक्षप्रत्यूहभूतं तन्नैवमादेष्टुमर्हथ ।। १०२।।

આમ આ પરથી આપણને જાણવા મળે છે કે વાસુપૂજ્યસ્વામીએ પણ લગ્ન નથી કર્યા. અને એટલું જ નહિ, ત્યાં વાસુપૂજ્યસ્વામીના કથનમાં તો શ્રીપાર્શ્વનાથે પણ લગ્ન નથી કર્યા એમ વાત આવે છે -

मल्लिर्नेमिः पार्श्व इति भाविनोऽपि त्रयो जिनाः । अकृतोद्वाहसाम्राज्याः प्रव्रजिष्यन्ति मुक्तये ।। १०३

જ્યારે શ્રીત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્રમાં જ પર્વ-9, સર્ગ-3 માં શ્રીપાર્શ્વનાથે પણ પ્રભાવતી દેવી સાથે લગ્ન કર્યાની વાત છે. તો આ અંગે કોઇની પાસે અન્ય સંદર્ભ હોય તો તે જણાવવા વિનંતી.

- મુનિ તારકચંદ્રસાગર ગણિ, મુનિ રાજદર્શનવિજય

(ચરિત્રગ્રંથોમાં આવી અનેક વિભિન્નતાઓ જોવા મળે છે. કથાસાહિત્યના મૂળભૂત સ્રોતો, અપેક્ષાભેદ, ગુરુપારમ્પર્ય વ. આના કારણ હોઇ શકે. ચોક્કસ કથાનકના ઉપલબ્ધ પ્રાચીન-અર્વાચીન તમામ સ્રોતો તપાસી આવી વિભિન્નતાઓની વ્યવસ્થિત નોંધ કરીને જો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવે તો એક મહત્ત્વપૂર્ણ સંશોધનકાર્ય થઇ શકે – ત્રૈ.)

*

## જિજ્ઞાસા

આ સમગ્ર લોકમાં અનંતાનંત છૂટા પરમાણુઓ પથરાયેલા છે. આ છૂટા પરમાણુઓની કુલ સંખ્યા સકલ પુદ્ગલાસ્તિકાયના અનંતમા ભાગે છે કે અસંખ્યાતમા ભાગે ? – મુનિ ત્રૈલોક્યમંડનવિજય

બીજના દિવસે બોલાતી સ્તુતિમાં "ગજલંછન ચંદ્ર વિખ્યાતા રે" આવી એક પંક્તિ આવે છે. આમાં ચંદ્રને ગજલંછન કહેવાનો શો અર્થ છે ? બીજનો ચંદ્ર ગજદંત જેવો હોય છે તે સંદર્ભ અત્રે સમજવાનો છે ? – મુનિ યશઃપ્રભવિજય

*

## સૂચના

1. 'શ્રુતસંવિભાગ' હમણાં અનિયતકાલીન રહેશે. સમય, સામગ્રી વગેરે અનુકૂળતાને અનુલક્ષીને તે પ્રગટ થશે.
2. 'શ્રુતસંવિભાગ' મળ્યાના 15-20 દિવસમાં નવી સામગ્રી મોકલી આપવી.
3. સંશોધનાત્મક દૃષ્ટિ રાખીને અભ્યાસ કરવા અને તે દ્વારા સાંપડતા શ્રુતજ્ઞાનનો 'શ્રુતસંવિભાગ' દ્વારા સંવિભાગ કરવા અનુરોધ છે.
4. 'શ્રુતસંવિભાગ' માં પ્રગટ થતી સામગ્રી વિચારણાત્મક સમજવી, નિર્ણયરૂપ નહીં. પ્રતિભાવ, ચિંતન વગેરે દ્વારા આ વિચારણાને આગળ વધારવા વિનંતિ.
5. વિચારોત્તેજક શાસ્ત્રીય જિજ્ઞાસાઓ પણ 'શ્રુતસંવિભાગ' દ્વારા રજૂ થઇ શકશે.
6. 'શ્રુતસંવિભાગ' માટે સામગ્રી મોકલવાનું સરનામું – c\o અતુલ એચ. કાપડિયા, A\9 જાગૃતિ ફ્લેટ્સ, મહાવીર ટાવર પાછળ, પાલડી, અમદાવાદ 380 007 મો. 99798 52135